# P. P. PATEL & ASSOCIATES

Mobile- 98242 66234 | Mobile - 98249 22700

**PRAKASH P. PATEL** Advocate & **ATUL J. POPAT** Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar
ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998


Ref. No.

Date :

## ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ

**બાબત** :: ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ગામ પેથાપુરની સીમના રેવન્યુ ખાતા નં.૩૩૬૬ ના સર્વે નંબર : ૪૪૮ ની હે.આરે.ચો.મી. ૧–૩૪–૫૬ યાને ૧૩૪૫૬ ચો.મી. વાળી જમીનનો ટી.પી.સ્કીમ નં.૧૬ (પેથાપુર) માં સમાવેશ કરી ફાળવેલ એફ.પી.નં.૧૯૧ ની ૮૭૪૬ ચો.મી. વાળી બીન ખેતીની ખુલ્લી જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ બાબત.

P. P. Patel & Associates Advocate Prakash P. Patel

સદરહુ ઉપરોક્ત મીલકતના માલીક "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ સદરહુ ઉપરોક્ત મીલકત તેઓની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની મીલકત આવેલી હોવાનું જણાવી સદરહુ મીલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા સંબંધે અમો પાસેથી માંગણી કરી આ નીચે જણાવેલ ડોક્યુમેન્ટસો અમોને આપેલ છે.

૧. સર્વે નંબર : ૪૪૮ ના ૭×૧૨ ના ઉતારા.
૨. સર્વે નંબર : ૪૪૮ ના ૮–અ ના ઉતારા.
૩. સર્વે નંબર : ૪૪૮ ના રેકર્ડે પડેલ ૬–અ ના હકક પત્રકની તમામ એન્ટ્રીઓ.
૪. સર્વે નં.૪૪૮ સંબંધે જીલ્લા કલેકટરશ્રીએ તેઓના હુકમ નં.૭૦૮/૦૬/૦૩/૦૧૭/૨૦૨૧ ના તા.૩–૪–૨૦૨૧ ના રોજ કરેલ હુકમની નકલ.
૫. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૮૯૭ ના તા.૧૦–૨–૨૦૦૯ ના રોજની નકલ.
૬. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૧૦૩૦ ના તા.૬–૧૦–૨૦૦૯ ના રોજની નકલ.
૭. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૫૨૧ ના તા.૨૩–૭–૨૦૦૯ ના રોજની નકલ.
૮. સ્પે.દી.મુ.નં.૧૪/૨૦૧૬ ના કામે ના.સીવીલ કોર્ટે તા.૧૪–૧૨–૨૦૧૮ ના રોજ કરેલ હુકમનામાંની નકલ.
૯. સ્પે.દી.મુ.નં.૨૨૫/૨૦૧૦ ના કામે ના.સીવીલ કોર્ટે તા.૨–૧–૨૦૨૧ ના રોજ કરેલ હુકમની નકલ.
૧૦. તકરારી કેસ નં.૬૩/૨૦૧૦ ના કામે મામલતદારશ્રીએ તા.૨૮–૬–૨૦૧૦ ના રોજ કરેલ હુકમની નકલ.

# P. P. PATEL & ASSOCIATES

Mobile- 98242 66234 Mobile - 98249 22700

**PRAKASH P. PATEL** & **ATUL J. POPAT**

Advocate Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar

ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998

Ref. No.

Date :



૧૧. તકરારી કેસ નં.૩૧/૨૦૧૦ ના કામે મામલતદારશ્રીએ તા.૧૭–૭–૨૦૧૦ ના રોજ કરેલ હુકમની નકલ.
૧૨. આરટીએસ અપીલ નં.૩૨૫/૨૦૧૦ ના કામે પ્રાંત ઓફીસરશ્રીએ તા.૩૦–૩–૨૦૧૧ ના રોજ કરેલ હુકમ ની નકલ.
૧૩. આરટીએસ અપીલ નં.૩૪૫/૨૦૧૦ ના કામે પ્રાંત ઓફીસરશ્રીએ તા.૧૯–૯–૨૦૧૧ ના રોજ કરેલ હુકમ ની નકલ.
૧૪. આરટીએસ રીવીઝન નં.૩૩/૨૦૧૩ ના કામે જીલ્લા કલેકટરશ્રીએ તા.૨૮–૨–૨૦૨૦ ના રોજ કરેલ હુકમ ની નકલ.
૧૫. આરટીએસ રીવીઝન નં.૩૪/૨૦૧૩ ના કામે જીલ્લા કલેકટરશ્રીએ તા.૨૮–૨–૨૦૨૦ ના રોજ કરેલ હુકમ ની નકલ.
૧૬. રજી.વે.દ.નં.૮૯૭ ના તા.૧૦–૨–૨૦૦૯ તથા રજી.વે.દ.નં.૧૧૦૩૦ ના તા.૬–૧૦–૨૦૦૯ ના વ્યવહારોને કબુલ મંજુર રાખવા સારુ કરેલ રજીસ્ટર્ડ કબુલાતનો લેખ રજી.નં.૮૫૦ ના તા.૮–૧–૨૦૨૧ ના રોજની નકલ.
૧૭. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૫૨૨૧ ના તા.૧૪–૬–૨૦૨૨ ના રોજની નકલ.
૧૮. "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીના લેખની નકલ.

આમ, ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમો સમક્ષ રજુ કરેલ છે જેને ધ્યાને લેતા સદરહુ મીલકત કે જે મોજે ગામ પેથાપુરની સીમમાં રેવન્યુ સર્વે નં.૪૪૮ થી આવેલ છે સદરહુ મીલકતના રેવન્યુ રેકર્ડે તેમજ પ્રત્યક્ષ માલીક કબજેદાર ભોગવટેદાર "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો છે.

સદરહુ મીલકત પ્રથમ પ્રત્યક્ષ કબજેદાર તરીકે જોઈતાભાઈ બાજીદાસનાઓના નામે રેવન્યુ રેકર્ડે માલીક કબજેદાર તરીકે ચઢી ચાલતી આવેલ તેઓ મૈયત જતા તેઓના સીધીલીટીના વારસમાં આત્મારામ જોઈતાભાઈનાઓ હોઈ તેઓનું નામ સદરહુ મીલકતના રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૬૩૭ ની પડી પ્રમાણીત થતા વારસાઈ હકકે માલીક કબજેદાર તરીકે ચઢેલ હતું. ત્યારબાદ સદરહુ જમીનમાં કુંભાર ઈશ્વરભાઈ સવદાસનાઓ સને ૧૯૫૫–૫૬ ની

**P. P. PATEL & ASSOCIATES**

Mobile- 98242 66234
**PRAKASH P. PATEL**
Advocate

Mobile - 98249 22700
**ATUL J. POPAT**
Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar
ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998

Ref. No.

Date :



સાલના ગણોતીયા તરીકે નોંધાયેલ હોઈ જે સંબંધેની રેવન્યુ રેકર્ડની ફેરફાર નોંધ નં.૧૭૫૦ ની તા.૩૦–૫–૧૯૫૬ ના રોજ પડેલ. ત્યારબાદ કુંભાર ઈશ્વરભાઈ સવદાસનાઓ સદરહુ જમીનમાં ગણોતીયા તરીકે વાવેતર કરતા ન હોઈ તેઓનું નામ ગણોતીયા તરીકે કમી કરવા સારુ ગ.ધા.કલમ–૩૨(જી) અન્વયેનો એક હુકમ નં.૧૯૯/૨૫૧–૨ ના તા.૧–૧૨–૧૯૬૨ ના હુકમથી સા.ગ. તરીકે કમી થયેલ અને જે સંબંધે રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૨૯૪૨ ની તા.૮–૯–૧૯૬૩ ના રોજ પડી તા.૫–૧૧–૧૯૬૩ ના રોજ પ્રમાણીત થયેલ. ત્યારબાદ આત્મારામ જોઈતાભાઈનાઓ મૈયત જતા તેઓના સીધીલીટીના વારસોમાં દશરથભાઈ આત્મારામ, ધુળીબેન આત્મારામ, મંજુલાબેન આત્મારામ, ઈન્દીરાબેન આત્મારામ, બાબુભાઈ આત્મારામ, નટવરભાઈ આત્મારામ, જશવંતભાઈ આત્મારામ તથા રૂખીબેન તે આત્મારામ જોઈતાભાઈની વિધવાનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ સંબંધેની એક ફેરફાર નોંધ નં.૧૦૭૪૯ ની તા.૬–૯–૨૦૦૫ ના રોજ પડી તા.૧૩–૧–૨૦૦૬ ના રોજ પ્રમાણીત થતા વારસાઈ હક્કે માલીક કબજેદાર તરીકે ચઢેલ હતા. ત્યારબાદ રેકર્ડ ઉપરના તમામ કબજેદારોએ એક ઈસમશ્રી રોહીતસિંહ અમરસિંહ ચૌહાણનાઓને એક કુલમુખત્યારનામું આપેલ જે કુલમુખત્યારનામા આધારે તેઓએ સદરહુ મીલકત એક રજી.વે.દ.નં.૮૯૭ નો તા.૧૦–૨–૨૦૦૯ ના રોજનો કરી આપી ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ વાળાનાઓને અઘાટ વેચાણેથી આપતા સદરહુ મીલકતના વેચાણ હક્કે માલીક કબજેદાર ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ વાળાનાઓ બનેલ અને જે સંબંધેની રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૧૨૮૦૩ ની તા.૧–૧૦–૨૦૦૯ ના રોજ પડી તા.૨૮–૬–૨૦૧૦ ના રોજ તકરારી કેસ નં.૬૩/૧૦ ના કામે હુકમ થતા પ્રમાણીત થયેલ. ત્યારબાદ ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ વાળાનાઓએ સદરહુ મીલકત એક રજી.વે.દ.નં.૧૧૦૩૦ નો તા.૬–૧૦–૨૦૦૯ ના રોજનો કરી આપી હાલના કબજેદાર કનુભાઈ અમથાભાઈ

# P. P. PATEL & ASSOCIATES

Mobile- 98242 66234 Mobile - 98249 22700

**PRAKASH P. PATEL** & **ATUL J. POPAT**

Advocate Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar

ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998


Ref. No.

Date :



ઠાકોરનાઓને અઘાટ વેચાણેથી આપતા સદરહુ મીલકતના વેચાણ હકકે માલીક કબજેદાર કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓ બનેલ અને જે સંબંધેની રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૧૨૮૭૩ ની તા.૯–૧૨–૨૦૦૯ ના રોજ પડી તા.૧૭–૭–૨૦૧૦ ના રોજ તકરારી કેસ નં.૩૧/૧૦ ના કામે હુકમ થતા પ્રમાણીત થયેલ. તેમજ સદરહુ મીલકતના મુળ જમીન માલીકો દશરથભાઈ આત્મારામ, ધુળીબેન આત્મારામ, મંજુલાબેન આત્મારામ, ઈન્દીરાબેન આત્મારામ, બાબુભાઈ આત્મારામ, નટવરભાઈ આત્મારામ, જશવંતભાઈ આત્મારામ તથા રૂખીબેન તે આત્મારામ જોઈતાભાઈની વિધવાનાઓએ સદરહુ મીલકત એક રજી.વે.દ.નં.૭૫૨૧ નો તા.૨૩–૭–૨૦૦૯ ના રોજનો કરી આપી વિષ્ણુભાઈ પી. પટેલનાઓને સદરહુ મીલકત અઘાટ વેચાણેથી આપેલ અને જે સંબંધે રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૧૨૭૪૩ ની તા.૬–૮–૨૦૦૯ ના રોજ પડી તા.૭–૧૦–૨૦૦૯ ના રોજ પ્રમાણીત થયેલ પરંતુ સદરહુ વેચાણ વ્યવહાર ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ વાળાનાઓના વેચાણ બાદનો હોઈ સદરહુ વેચાણ વ્યવહારને રદ્દબાતલ જાહેર કરવા ના. સીવીલ કોર્ટમાં કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓએ એક સ્પે. દી.મુ.નં.૧૪/૨૦૧૬ નો દાખલ કરેલ જે દાવાના કામે ના.સીવીલ કોર્ટે તા.૧૪–૧૨–૨૦૧૮ ના રોજનું એક હુકમનામું કરી આપી સદરહુ વેચાણ વ્યવહારને રદ્દબાતલ ઠરાવેલ અને જે હુકમનામાં સંબંધેની રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૧૮૭૯૬ ની તા.૧૧–૨–૨૦૨૧ ના રોજ પડી તા.૫–૫–૨૦૨૧ ના રોજ પ્રમાણીત થયેલ. તેમજ મુળ જમીન માલીકો દશરથભાઈ આત્મારામ, ધુળીબેન આત્મારામ, મંજુલાબેન આત્મારામ, ઈન્દીરાબેન આત્મારામ, બાબુભાઈ આત્મારામ, નટવરભાઈ આત્મારામ, જશવંતભાઈ આત્મારામ તથા રૂખીબેન તે આત્મારામ જોઈતાભાઈની વિધવાનાઓનાઓએ ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ વાળાનાઓની તરફેણમાં થયેલ વેચાણ વ્યવહારને તેમજ કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓની તરફેણમાં થયેલ વેચાણ વ્યવહારોને કબુલ મંજુર અને બંધનકર્તા

# P. P. PATEL & ASSOCIATES

Mobile- 98242 66234
PRAKASH P. PATEL
Advocate

&

Mobile - 98249 22700
ATUL J. POPAT
Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar
ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998


Ref. No. Date :



રાખવા સારુ એક રજીસ્ટર્ડ કબુલાતનો લેખ રજી.નં.૮૫૦ થી તા.૮–૧–૨૦૨૧ ના રોજનો કરી આપેલ. જે આધીન સદરહુ મીલકતના માલીક કબજેદાર કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓ બનેલ. ત્યારબાદ સદરહુ જમીનનો ગુડા ધ્વારા ટી.પી.સ્કીમ નં.૧૬ (પેથાપુર) માં સમાવેશ કરી ફાઈનલ પ્લોટ નં.૧૯૧ નો ૮૭૪૬ ચો.મી. જમીનનો ફાળવેલ જે જમીનનો કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓને બીનખેતી ઉપયોગ કરવો હોઈ તેઓએ જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગર સમક્ષ બીનખેતીની પરવાનગી મેળવવા સારુ એક અરજ ગુજારતા જીલ્લા કલેકટરશ્રીએ તેઓના હુકમ નં.૭૦૮/૦૬/૦૩/૦૧૭/૨૦૨૧ ના તા.૩–૪–૨૦૨૧ ના હુકમથી ફાઈનલ પ્લોટ નં.૧૯૧ ની ૮૭૪૬ ચો.મી. વાળી જમીનને બીનખેતી ઉપયોગ કરવા સારુ મંજુરી આપેલ અને જે હુકમ સંબંધેની રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૧૮૯૨૫ ની તા.૩–૪–૨૦૨૧ ના રોજ પડી તા.૨૬–૫–૨૦૨૧ ના રોજ પ્રમાણીત થયેલ. ત્યારબાદ સદરહુ બીનખેતીના હેતુવાળીના જમીનના માલીક કબજેદાર કનુભાઈ અમથાભાઈ ઠાકોરનાઓએ હાલના કબજેદાર "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીને વેચાણેથી આપવાનું નકકી કરી પેઢીની તરફેણમાં એક રજી.વે.દ.નં.૨૫૨૨૧ નો તા.૧૪–૬–૨૦૨૨ ના રોજનો કરી આપતા સદરહુ મીલકતના વેચાણ હકકે માલીક કબજેદાર "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢી બનેલ અને સદરહુ વેચાણ વ્યવહાર સંબંધેની રેવન્યુ રેકર્ડે એક ફેરફાર નોંધ નં.૨૦૦૦૬ ની ૧૮–૬–૨૦૨૨ ના રોજ પડી તા.૨૬–૭–૨૦૨૨ ના રોજ પ્રમાણીત થતા સદરહુ મીલકતના રેકર્ડે માલીક કબજેદાર તરીકે "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીનું નામ દાખલ થઈ ચાલતુ આવેલ છે. આમ, સદરહુ બીનખેતીના ઉપયોગવાળી જમીનના ઉપરોકત વિગતે માલીક કબજેદાર "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીનાઓ બનેલ છે અને તેઓ સિવાય સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો પોષાતો આવેલ નથી.

P. P. PATEL & ASSOCIATES
Mobile- 98242 66234 Mobile - 98249 22700
PRAKASH P. PATEL & ATUL J. POPAT
Advocate Advocate
201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar
ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998

Ref. No. Date :



સદરહુ મીલકત સંબધે અમોએ ગાંધીનગરના સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરીમાં સદરહુ મીલકત અન્વયે સદરહુ મીલકતોના રેકર્ડ ઉપરના માલીકોએ કોઈ ઈસમને વેચાણ ગીરો બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર કોઈ લેખથી લખી આપેલ છે કે નહી જે સંબંધે રજીસ્ટરોમાં તપાસ કરતા તેવા કોઈ જ લખાણો કે કરારો મળી આવેલ નથી જે સંબંધેની સબ રજીસ્ટ્રાર કચેરી ધ્વારા પહોંચ નં. ૨૦૨૨૦૪૮૦૦૦૬૨૯૫૧ ની તા.૩–૮–૨૦૨૨ ના રોજ આપેલ છે.

સદરહુ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીએ કરેલ શોધ અનુસંધાને "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ સદરહુ મીલકત રજી.વે.દ.નં.૨૫૨૨૧ ના તા.૧૪–૬–૨૦૨૨ ના વેચાણ દસ્તાવેજથી માલીકી હકક પ્રાપ્ત કરેલ છે અને જે સંબંધેની રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નં.૨૦૦૦૬ ની ૧૮–૬–૨૦૨૨ ના રોજ પડી તા.૨૬–૭–૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે સદરહુ મીલકત કે જે મોજે ગામ પેથાપુરની સીમના રેવન્યુ સર્વે નં.૪૪૮ થી આવેલી છે જે મીલકતના સ્વતંત્ર માલીક "અક્ષર રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો છે અને તેઓ સિવાય સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિત–હિસ્સો પોષાતો આવેલ નથી અને જે બદલ સદરહુ મીલકત સંબંધે હું મારુ પ્રમાણપત્ર આ નીચે મુજબ આપુ છું.

# P. P. PATEL & ASSOCIATES

Mobile- 98242 66234 Mobile - 98249 22700

PRAKASH P. PATEL & ATUL J. POPAT

Advocate Advocate

201, Shree Ram Avenue Complex, Main Shopping Center, Sector No-7, Gandhinagar

ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998


Ref. No. Date :



## –:: પ્રમાણપત્ર ::–

ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ પેથાપુરની સીમના રેવન્યુ ખાતા નં.૧૩ ના સર્વે નંબર : ૪૪૮ ની હે.આરે.ચો.મી. ૧–૩૪–૫૬ યાને ૧૩૪૫૬ ચો.મી. વાળી જમીનનો ટી.પી.સ્કીમ નં.૧૬ (પેથાપુર) માં સમાવેશ કરી ફાળવેલ એફ.પી.નં.૧૯૧ ની ૮૭૪૬ ચો.મી. વાળી બીન ખેતીની ખુલ્લી જમીનના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

તારીખ :: ૨–૯–૨૦૨૨

સ્થળ :: ગાંધીનગર.

P. P. Patel & Associates Advocate Prakash P. Patel

............................

(પ્રકાશ પી. પટેલ)

એડવોકેટ

સનંદ નંબર : જી/૧૧૧૮/૧૯૯૮ તારીખ : ૨૮–૧૧–૧૯૯૮

ENROLMENT NO. G/1118/1998 DATE : 28-11-1998